નં.એન.એ./ક.૬૭/એસ.આર./૬/૨૦૧૬-૨૦૧૭
નં. બીનખેતી/ક.૬૭/વશી/૭૩૩થી૭૪૨/૨૦૧૬
કલેક્ટર કચેરી, બિનખેતી શાખા, વડોદરા
તા. ૨૧ / ૧૦ / ૨૦૧૬

// વાંચ્યા //

૧. અરજદારશ્રી શ્રી સીધ્ધિ વિનાયક ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી વતી વહિવટ કર્તા ભાગીદારશ્રી અપૂર્વ કે. પટેલ ની મોજે- માંજલપુર તા.વડોદરાના સ.નં.૪૬૧ પૈકી ૧, ૪૬૧ પૈકી ૨, સી.સ.નં.૨૪૪૫, ટી.પી.નં.૩૧, ફા.પ્લોટ નં.૨૮ ની ક્ષેત્રફળ : ૧૩૨૨૦ ચો.મી. પૈકી પ્લોટ નં.૬૯, ૭૦, ૭૧, ૭૨ ની ૧૭૩૨.૯૩ ચો.મી. જમીનની રહેણાંક કમ વાણિજય હેતુ માટે રીવાઈઝ બીનખેતીની પરવાનગી મળવા બાબતની તારીખ : ૧૩/૦૪/૨૦૧૬ ની અરજી.
૨. સર્કલ ઓફીસરશ્રી, બિનખેતી, વડોદરા શહેરના તા.૨૩/૦૫/૨૦૧૬ ના પત્ર નં.સ.ઓ./ એસઆર/ ૫/ ૨૦૧૬, નં.સ.ઓ./ વશી/૩૫/ ૨૦૧૬ થી રજુ થયેલ દરખાસ્ત/અભિપ્રાય.
૩. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના પત્ર તા.૩૦/૦૪/૧૬ ના પત્ર નં.યુડીએ/ પ્લાન-૨/અ/૫૯૯/૨૦૧૬ થી રજુ થયેલ ઝોન અંગેનો અભિપ્રાય.
૪. ટાઉન ડેવલોપમેન્ટ ઓફીસરશ્રી(ટી.પી.), મહાનગર પાલિકા, વડોદરાના પત્ર ટી.ડી.ઓ.જા.નં.૧૦૫૪, તા.૫/૭/૧૬ થી રજુ થયેલ અભિપ્રાય.
૫. કલેકટરશ્રી, વડોદરાના હુકમનં રીવી/એન.એ./ એસ.આર./ ૭૧/ ૨૦૧૨-૧૩, નં.જમીન-ડી/ કલમ-૬૫/ વશી/ ૭૬૭૩/ ૨૦૧૨, તા.૦૮/૧૦/૨૦૧૨
૬. સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક /બખ૫/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૨૦૦૮
૭. જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫/એ, ૬૭ તથા ૬૭/એ
૮. જમીન મહેસુલ નિયમોના નિયમ-૧૦૦
૯. કાર્યાલય નોંધ ઉપર તા.૦૮/૦૮/૧૬ ના રોજ આપેલ આદેશ.

કલેકટર સત્યમેવ જયતે વડોદરા

// હુકમ //

૧. અરજદારશ્રી શ્રી સીધ્ધિ વિનાયક ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી વતી વહિવટ કર્તા ભાગીદારશ્રી અપૂર્વ કે. પટેલે તેઓની મોજે- માંજલપુર તા.વડોદરાના સ.નં.૪૬૧ પૈકી ૧, ૪૬૧ પૈકી ૨, સી.સ.નં.૨૪૪૫, ટી.પી.નં.૩૧, ફા.પ્લોટ નં.૨૮ ની ક્ષેત્રફળ : ૧૩૨૨૦ ચો.મી. પૈકી પ્લોટ નં.૬૯, ૭૦, ૭૧, ૭૨ ની ૧૭૩૨.૯૩ ચો.મી. . જમીનની રહેણાંક કમ વાણિજય હેતુ માટે રીવાઈઝ બીનખેતીની પરવાનગી મળવા વંચાણ-૧ ની અરજીથી માંગણી કરેલ છે.

૨. સર્કલ ઓફીસરશ્રી, બિનખેતી વડોદરા શહેરએ વંચાણ-૨ ના પત્રથી અહેવાલ અભિપ્રાય રજુ કરેલ છે. સવાલવાળી બિનખેતી થયેલ ખુલ્લી જમીનમાં અરજદારશ્રીએ વાણિજયના હેતુનું બાંધકામ શરૂ કરી, કલેકટર સા:વડોદરાના તા.૦૮/૧૦/૧૨ ના હુકમની શરતોનો ભંગ કરી શરતભંગ કરેલ છે. રીવાઈઝ બીનખેતીની પરવાનગી મળ્યેથી સરકારશ્રી તરફથી જે કાંઈ શરતો નકકી કરવામાં આવે તે શરતોનું પાલન કરવા તથા સરકારશ્રી તરફથી જે કાંઈ વિશેષધારો, રૂપાંતર કર અને દંડ નકકી કરવામાં આવે તે ભરપાઈ કરવા અરજદારશ્રીએ સંમતી આપેલ છે. જેથી રહેણાંક કમ વાણીજયના હેતુ માટે કલમ-૬૭ હેઠળ રીવાઈઝ બીનખેતીની પરવાનગી આપવા અંગેનો અભિપ્રાય થાય છે.

૩. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળએ વંચાણ-૩ ના પત્રથી સ.નં.૪૬૧ વાળી જમીન રહેણાંક ઝોન આર-૧ માં આવે છે. સુચિત ૧૮.૦૦ મી. રસ્તાની અસર થાય છે. આથી વુડાના મંજુર